# નાગરિકોની લાપરવાહી સામે પોલીસ કડક

## જનતા કરફ્યુ બાદ બીજા દિવસે નાગરિકો ઘરની બહાર : નગરમાં કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ઘાતક પુરવાર થશે
## સોમવારે સવારથી બજારો બંધ હોવા છતા માર્ગો પર સતત વાહનોની અવરજવર રહી : પોલીસ હવે કડક કાર્યવાહી કરશે

ગાંધીનગર તા ૨૩
કોરોનાના લીધે સમગ્ર દેશ અને દુનિયા પર મોટી આફત આવી હોવાની લાગણી સાથે નાગરિકો પણ ઘેરી ચિંતામાં છે. કોરોનાના નવા કેસો ધ્યાને આવતા દેશવાસીઓ આઘાતમાં છે. ત્યારે કોરોનાથી બચવા માટે બે સપ્તાહ સુધી વિશેષ સાવચેતી દાખવવા માટે સરકાર દેશવાસીઓને અનુરોધ કર્યો છે. ગઈકાલે જનતા કરફ્યુની અસરથી સવારથી જ સમગ્ર દેશમાં નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે ગુજરાતમાં પણ જનતા કરફ્યુની અસર જોવા મળી હતી.







અલબત્ત સમગ્ર ગુજરાત સ્વયંભુ કરફયુગ્રસ્ત જોવા મળ્યુ હતુ આવા સંજોગોમાં ગાંધીનગરમાં પણ જનતા કરફયુનો કડક અમલ થયો હતો. સવારથી સાંજ સુધી નાગરિકો સતત ઘરમાં પુરાયેલા રહ્યા હતા. જયારે શોપિંગ બજારો પણ બંધ હોવાથી સમગ્ર શહેરમાં સન્નાટો છવાયેલો રહ્યો હતો. બીજીતરફ કોરોનાના નવા કેસો ધ્યાને આવતા સરકારે ગુજરાતના પાટનગર સહીત અમદાવાદ સુરત , રાજકોટ બરોડા લોકડાઉન કરવાની જાહેરાત કરી હતી. ગાંધીનગરમાં પણ કરોનાના ૪ કેસ ધ્યાને આવતા નગરજનો અને સરકાર વિશેષ જાગૃત થઈ છે. પરંતુ ગઈકાલના જનતા કરફયુની જેમ આજે લોકડાઉનની અસર નગરના જનજીવન પર વિશેષ વર્તાઈ ન હતી. આજે નગરમાં સવારથી જ માર્ગો પર વાહનોની અવરજવર ચાલુ રહી હતી. નાગરિકો સામાન્ય દિવસોની જેમ ફરતા નજરે પડયા હતા. શાકભાજી અને દુધના વેચાણ સિવાય તમામ દુકાનો પણ બંધ હોવાછતા નગરજનોની આ અવરજવર સરકારી તંત્ર તેમજ પોલીસ માટે પણ ચિંતાનો વિષય બની હતી. અમદાવાદથી શહેરમાં પ્રવેશવાના એન્ટ્રી પોઈન્ટ પર પોલીસે કડક ચેકીંગ કરીને આવતા નાગરિકોને અટકાવ્યા હતા. તેમજ નાગરિકોને ઘરે જ રહેવા સલાહ આપી હતી. જનતા કરફયુના કડક અમલ બાદ નાગરિકોએ આજે ઘરની બહાર નિકળી પડતા સરકાર માટે પણ ચિંતાનો નવો વિષય ઉભો થયો હતો જેના પગલે સરકારે અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર નિકળતા નાગરિકોને અટકાવવા માટે કડક કાર્યવાહી કરવા માટે પણ આદેશ કર્યો હતો. ગાંધીનગરમાં કડક લોકડાઉનની અસર વચ્ચે હવે કામ સિવાય ઘરની બહાર નિકળતા નાગરિકો સામે નિયમ મુજબ પગલા લેવાશે. સરકારે વિધાનસભા સત્ર પણ અચોક્કસ મુદત માટે બંધ રાખવામાં આવી છે.

ત્યારે આવા સંજોગોમાં નાગરિકોએ પણ કોરોનાને માત કરવા માટે ઘરમાં રહેવુ જ સલાહભર્યુ છે.











# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડનો આઈસોલેશન વોર્ડ બનાવવા તાકીદ

## અધિક મુખ્ય સચિવ પંકજકુમારની જિલ્લાતંત્ર સાથે બેઠક : લેવાયેલા પગલાંઓની સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૬૦૦ જેટલી આઈસોલેશન બેડ તૈયાર કરવાની સૂચના આજે કોરોના વાયરસને નાથવા માટે જિલ્લાતંત્ર સાથે અધિક મુખ્ય સચિવે યોજેલી બેઠકમાં આપી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૧૦૦૦ બેડની ક્ષમતા છે. અધિક મુખ્ય સચિવએ કોરોન્ટાઈન માટે એક હજાર બેડ રાખવા પણ તંત્રને સૂચના આપી હતી. તેમણે આઈસોલેશન બેડ માટે તમામ સાધન સામગ્રી જેવી કે વેન્ટીલેટર, લોજીસ્ટીક, એચ.આર., ઈક્વીપમેન્ટ વગેરે માટેનો પ્લાન પણ તાત્કાલિક તૈયાર કરવા જણાવ્યુ હતુ.

અધિક મુખ્ય સચિવે પ્રાયવેટ ડૉક્ટરોને શક્ય હોય તો ટેલી મેડીસીનથી સારવાર આપવા જણાવ્યુ હતુ. આ ઉપરાંત આઈસોલેશન વોર્ડ તથા હ્યુમન રિસોર્સ માટે આઈ.એમ.ઓ.નો સહયોગ લેવા પણ અધિકારીઓને જણાવ્યુ છે.

જિલ્લામાં શહેરના ૪૩૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૦૩ પેસેન્જરોના હોમ કોરાન્ટાઈન હાલ ચાલુ છે.

વધુમાં તેમણે ઉમર્યુ હતું કે વિશ્વમાં કુલ ૧૬૮ દેશમાં આજ દિન ૪.૪૫ વાગ્યાની પરિસ્થિતિ મુજબ કુલ ૩,૩૭,૧૧૪ કન્ફર્મ કોરોના કેસ નોંધાયેલ છે અને ૧૫,૧૦૫ મૃત્યુ થયા છે. ઉક્ત કેસોમાંથી ૬૬,૯૦૭ કેસ સાજા થયા છે. ભારત દેશમાં ૩૬૦ કન્ફર્મ કેસ છે અને ૭ મૃત્યુ થયેલા છે જ્યારે ૪ રીકવર થયા છે.

ગાંધીનગર જિલ્લાની કામગીરીની માહિતી આપતાં કલેકટર ર્ડા. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં જુના ૩૦૩ પેસેન્જર હોમ કોરન્ટાઈનમાં ચાલુ છે. કુલ ૧૩૭ પેસેન્જરનું ઓબ્ઝર્વેશન પૂર્ણ થયેલ છે અને ૧૦૦ પેસેન્જરને રીફર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતુ કે તમામ હોમ કવોરન્ટાઈનમાં ઓબ્ઝેવર્શન હેઠળના પેસેન્જરના ઘર આગળ ‘‘સાવધાન’’ બાબતનું સાઈનેજ બોર્ડ ડીસપ્લે કરવામાં આવ્યું છે. તેમજ સાઈનેઝ બોર્ડમાં હોમ કવોરન્ટાઈનનો સમયગાળો દર્શાવવામાં આવ્યા છે. અને તમામ હોમ કવોરન્ટાઈન હેઠળના પેસેન્જર ઘરે જ રહે તે બાબત સુનિશ્ચિત કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં એક જ પરિવારમાં ચોથો કેસ

## શહેરમાં ચોથો કેસ કોરોનાનો મળતાં આરોગ્યતંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે ચોથો પોઝીટીવ કેસ બહાર આવતાં આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં આ ચોથો કેસ જે મળ્યો છે તે સંક્રમિત થયેલો છે. આમ ગાંધીનગરમાં બે કેસ કોરોના વાયરસથી સંક્રમિત થેયલા મળ્યા છે. ચારેય કેસ એક જ પરિવારના હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી આજે વધુ છ શંકાસ્પદ દર્દીના નમુના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હોવાની વાત બહાર આવવા પામી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં લોકડાઉનના અસરકારક અમલીકરણ માટે પણ તંત્રએ તૈયારીઓ હાથ ધરી છે. આજે સાંજે રાજ્યના મુખ્ય સચિવશ્રીએ પણ આ અંગે વિડીયો કોન્ફરન્સ કરી અને રાજ્યના તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે.

# વિધાનસભા સત્ર અચોક્કસ મુદત માટે મુલત્વી રાખવા નિર્ણય

## પ્રસ્તાવ સર્વાનુમતે પસાર : હજારો લોકોની અવરજવર હોવાથી સાવચેતીરૂપે અંતે નિર્ણય કરાયો

ગાંધીનગર,તા. ૨૩
રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાની દરખાસ્ત કરી નથી. કોરોનાનો વ્યાપ જોતા રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાની વાતો થઈ રહી છે જેને લઈને સીએમ વિજય રૂપાણીએ કહ્યું કે હજુ અમે કોઈ ભારતીય જનતા પાર્ટી તરફથી રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાની કોઈ દરખાસ્ત કરી નથી. વિધાનસભાના સત્ર ને પણ સંદર્ભે કોઈ ચર્ચા કરી નથી. યોગ્ય સમયે ઉચિત પગલાં ભરવામાં આવશે. પરંતુ બપોર સુધીમાં સંસદના બંને સત્રો એટલે કે, લોકસભા અને રાજ્યસભાના બંને સત્રોની કામગીરી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરવાના સમાચાર આવ્યા બાદ તેના પડઘા ગુજરાતમાં પણ પડયા હતા. કોરોનાના કહેરને જોતાં ગુજરાત વિધાનસભા ગૃહની કામગીરી પણ અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા ગૃહની કામગીરી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત રાખવા અંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગૃહમાં આજે બપોર બાદ દરખાસ્ત મૂકાઈ હતી.


ચાલો... ચાલો...ચાલો... હરિદ્વાર



સુંદરધામ પરિવાર
ગાંધીનગર દ્વારા
આયોજીત પાંચમા વર્ષે
શ્રી રામ ચરિત માનસ પંચમ
સોપાન “સુંદરકાંડ” પાઠ કથા

: યાત્રા પ્રારંભ :
તા.૮-૦૮-૨૦૨૦ થી ૧૬-૦૮-૨૦૨૦ (૯) દિવસ યાત્રા

- રેલવે દ્વારા જવા-આવવાનું, રહેવાનું, જમવાનું તમામ ખર્ચ પેટે રૂા.૫૫૦૦/- અને સિનિયર સીટીઝન માટે ૫૧૦૦/- રહેશે.
- યાત્રા દરમ્યાન ગોકુલ, મથુરા, વૃંદાવન દર્શનનું આયોજન કરેલ છે. જેમને લાભ લેવો હોય તેમણે અલગથી ખર્ચ આપી જોડાવવાનું રહેશે.
- યાત્રા ફોર્મ મેળવી તાત્કાલિક એડવાન્સ રૂા. ૧૫૦૦/- આપી નામ નોંધાવી દેવા વિનંતી.

સુંદરધામ હનુમાનજી મંદિર, રાંધેજા :
૮૧૪૧૨૧૭૦૫૦, ૯૩૭૪૧૭૭૧૮૪, ૯૪૨૮૫૯૫૭૪૧

જાહેરાત સૌજન્ય
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ


# પાણીની સમસ્યાના નિવારણ માટે સરકારે ૨૭૫ કરોડની ફાળવણી કરી છે : શંભુજી

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર જિલ્લામાં પાણીની સમસ્યાના ઉકેલ માટે રાજય સરકારે ૨૭૫ કરોડથી વધુની રકમ ફાળવી છે તે માટે ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે અભિનંદન આપ્યા હતા.

આજે પાણી પુરવઠા વિભાગ પરની ચર્ચા દરમિયાન ભાગ લેતાં શ્રી ઠાકોરે જણાવ્યું હતું કે નલ સે જલ તક યોજના અંતર્ગત જિલ્લામાં ૯૯.૦૫ ટકા લોકો લાભ લઈ રહ્યા છે અને જે બાકી છે તે પણ ઝડપથી આવરી લેવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરને નર્મદાનું પાણી ૨૪૮૭ આપવાનો પ્રોજેકટ તેમજ પાણીના રિચાર્જીંગ માટે બનાવાયેલ સંત સરોવર પ્રોજેકટ ખરેખર અભિનંદનને પાત્ર છે.

શભુજીએ જણાવ્યું હતું કે દહેગામ તાલુકાના ૧૩ ગામ અને ૨૩૦ જેટલા ફળિયાના પાણીની તકનીકી ક્ષતિને નિવારવા માટે ૭૨.૧૯ લાખની ફાળવણી તેમજ ગાંધીનગર તાલુકાના ૧૫ ગામોની સમસ્યાના નિવારણ માટે રૂ. ૭૧ લાખ મંજૂર કરી સરકારે ખુબ જ મહત્વનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું હતું.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com